# NSELમાં ઊભી કરાયેલી કટોકટીનો ઉપયોગ કરીને જિજ્ઞેશ શાહ દ્વારા સર્જવામાં આવેલા 'માર્કેટ' સામ્રાજ્યને તોડી પાડતા રાજકીય ષડ્યંત્રની દાસ્તાન

ગુજરાતીઓની ઉદ્યોગ સાહસિકતા અને માર્કેટની નાડપારખુ શક્તિ સમગ્ર વિશ્વમાં જાણીતી છે. ભારતીય ઔદ્યોગિક જગતના ઇતિહાસમાં એક નહીં પણ અનેક વખત ગુજરાતીને ખતમ કરવાના અનેક કારસાઓ ઘડાયાના દાખલા છે. ગુજરાતી સાથે અન્યાયનો આ સિલસિલો હજુ પણ ચાલુ છે. બહુ જ નાની વયે પોતાના બૌદ્ધિક કૌશલ્યથી ભારતમાં એક વિશ્વકક્ષાની માર્કેટ ખડી કરીને ભારતને મુઠ્ઠીઊંચેરું સ્થાન અપાવનાર જિજ્ઞેશ શાહના વિજયરથને રાજકીય કાવાદાવા અને નિમ્નકક્ષાના ષડયંત્ર દ્વારા તોડી પડાયું તેની ઝીણવટભરી વિગતોનું આલેખન વરિષ્ઠ પત્રકાર શાંતનૂ ગુહા રેએ 'ધ ટાર્ગેટ' નામના પુસ્તકમાં કર્યું હતું.




શાંતનૂ ગુહા રેના પુસ્તક 'ધ ટાર્ગેટ'ની અંગ્રેજીને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદના કારણે 'ધ ટાર્ગેટ'ની ગુજરાતી આવૃત્તિ પ્રગટ કરાઈ છે. આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ બજારમાં મૂકવામાં આવ્યાના ૯૦ દિવસમાં જ 'એમેઝોન' પર 'બિઝનેસ અને ઈકોનોમી' કેટેગરીમાં વિશ્વમાં સૌથી વધુ વેચાતા 'નંબર ૧' પુસ્તક તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એટલું જ નહીં, અગ્રણી બુક સ્ટોર 'ક્રોસવર્ડ'માં પણ સૌથી વધુ વેચાતા પુસ્તક તરીકેનું સ્થાન મેળવ્યું છે, જે ખરેખર અભૂતપૂર્વ ઘટના છે.

'ધ ટાર્ગેટ' પુસ્તક તેના નામ અનુસાર દર્શાવે છે કે જિજ્ઞેશ શાહને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા. વરિષ્ઠ પત્રકાર શાંતનૂ ગુહા રે લિખિત આ પુસ્તક વાંચ્યા બાદ એનએસઈએલ (નેશનલ સ્પોટ એક્સચેંજ) પ્રકરણના સંખ્યાબંધ અનુત્તર સવાલોના જવાબ મળી રહે છે. કેટલાંક સ્થાપિત હિતોએ પોતાના છૂપા ઇરાદાસર જિજ્ઞેશ શાહને એક્સચેન્જ બિઝનેસમાંથી કેવી રીતે બહાર ધકેલી દીધા તેનું પુસ્તકમાં સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે. આ સ્થાપિત હિતો કોણ હતાં અને તેમના બદઈરાદાઓ કયા અને કેવા હતા તેના પર શાંતનૂએ પુસ્તકમાં પ્રકાશ પાડ્યો છે અને દેશમાં ચાલતી રાજકારણીઓ અને અમલદારશાહીની સાંઠગાંઠને પુસ્તકમાં ખુલ્લી પાડી છે.

૨૫૩ પાનાંનું આ પુસ્તક ગુહા રેની બે વર્ષની ઊંડી તપાસનું પરિણામ છે. તેમણે કેટલીક ગોપનીય સરકારી ફાઇલો ઉથલાવીને અને માહિતગાર લોકો સાથેની વાતચીત મારફતે આંચકાદાયક ઘટસ્ફોટ કર્યા છે. તેમણે કહ્યું છે કે એનએસઈએલને બંધ કરવાનું કહેવું એ એક્સચેન્જને અને તેના મારફતે જિજ્ઞેશ શાહ તથા તેમનાં તમામ સંશોધનાત્મક સાહસને નુકસાન પહોંચાડવા માટેનું કારસ્તાન હતું. આ ષડ્યંત્ર રચાયું તેની પાછળનું કારણ એ હતું કે જિજ્ઞેશ શાહે પોતાના આગવા સંશોધનોને વડે જે નવા સાહસો ઊભા કર્યા હતા તેને લીધે માર્કેટનાં વગદાર લોકોની ઈજારાશાહી તૂટી ગઈ હતી. ગુહા રે કહે છે તેમ, જેમના પર આંત્રપ્રેન્યોરશિપ અને ટેક્નોલોજી આધારિત ઇનોવેશન કરવાની જવાબદારી હતી એવા જ લોકોએ તેનું ગળું ઘોંટી દેવાનું કામ કર્યું.

ગુહા રેએ આ પુસ્તકમાં કેટલાક અગત્યના પ્રશ્નો ઊભા કર્યા છેઃ શું એનએસઈએલની કટોકટી ખાળી શકાઈ હોત? શું આપણે આપણા આંત્રપ્રેન્યોર્સ અને ઇનોવેટરો સાથે આવો જ વર્તાવ કરીએ છીએ? જો તપાસનીશ એજન્સીઓને એનએસઈએલની પેમેન્ટ કટોકટીનાં નાણાં ૨૪ ડિફોલ્ટરો પાસે ગયા હોવાનું ખબર હોય અને અદાલતે પણ એ બાબત સ્પષ્ટ કરી છે, તો પછી એ બધી જ એજન્સીઓ શું કામ જિજ્ઞેશ શાહની પાછળ પડી ગઈ છે?